સુરત મહાનગરપાલિકા
હાઈડ્રોલિક વિભાગ

# પ્રેસનોટ

## પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં સમાવિષ્ટ એવા વરીયાવ ખાતે પાણી પુરવઠો બંધ રહેવા/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ વરીયાવ આઉટર રીંગરોડ ખાતે આવેલ ESR - V2 માં ફ્લોકંટ્રોલ વાલ્વ ઇન્સ્ટોલેશનની કામગીરી તેમજ બાયપાસની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ તા.૦૮/૦૧/૨૦૨૫ ના રોજ પાણી પુરવઠો અંશત: મળે/ ઓછા પ્રશરથી મળે તેમ હોય, જે જાણમાં લેવા જોગ છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારો ના નામો |
|---|---|---|
| ૧ | V-2 (વરીયાવ આઉટર રીંગ રોડ સ્થિત) | વરીયાવ ગામતળ હેઠળના બધા જ ફળીયાઓ તથા ગાયત્રી સોસાયટીનો વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નંબર:- ૪૨૮
તા. 03/0૧/૨૦૨૫